**(1) 'ઈબોલા' (Ebola)' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે વાયરસ દ્વારા થતો રોગ છે.
(2) આ રોગના મુખ્ય લક્ષણોમાં તાવ, થાક લાગો, સ્નાયુમાં દુ:ખાવો, ઊલ્ટી, માથું દુ:ખવું વગેરેનો સમાવેશ થાય છે.
(3) જ્યાં સુધી ઈબોલાના લક્ષણો સામે ના આવે ત્યાં સુધી આ રોગ એક માણસમાંથી બીજા માણસમાં ફેલાય શકતો નથી.
(4) આ રોગમાં સરેરાશ મૃત્યુદર 50% જેટલો છે.

(A) માત્ર (2), (3) અને (4) (B) માત્ર (1) અને (2)
(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કોંગો દેશમાં ઈબોલાના કારણે એક વ્યક્તિના મૃત્યુના સમાચાર સામે આવ્યાં છે.
⇛ ઈબોલા એ વાયરસ દ્વારા થતો રોગ છે, જેના વાયરસનું નામ પણ 'ઈબોલા' જ છે. (આથી, વિધાન (1) સાચું છે.)
⇛ આ રોગની સૌપ્રથમ શોધ વર્ષ 1976માં ઈબોલા નદી પાસે થઈ હતી.
⇛ ફળ ખાતાં ચામાચિડીયાં (Fruit Bats) આ વાયરસના કુદરતી વાહકો છે.
⇛ ચામાચિડીયાં, ચિમ્પાન્ઝી, ગોરીલા, વાંદરા વગેરેને પણ આ રોગ થઈ શકે છે.
⇛ આ રોગ પશુમાંથી માણસ ઉપરાંત માણસથી માણસ વચ્ચે પણ ફેલાય શકે છે. પરંતુ જ્યાં સુધી આ રોગના લક્ષણો સામે ન આવે ત્યાં સુધી આ રોગ એક માણસમાંથી બીજાં માણસમાં ફેલાતો નથી. (આથી, વિધાન (3) સાચું છે.)
⇛ આ રોગના મુખ્ય લક્ષણો : તાવ, થાક લાગવો, સ્નાયુમાં દુ:ખાવો, ઝાડાં–ઊલ્ટી, માથું દુ:ખવું, આંતરિક તથા બાહ્ય રકતસ્ત્રાવ વગેરે. (આથી, વિધાન (2) સાચું છે.)
⇛ આ રોગનો મૃત્યુદર 25%થી 90% જેટલો જોવા મળ્યો છે. તેનો સરેરાશ મૃત્યુદર 50% છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'મહા વિશુબા સંક્રાંતિ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તે આસામ રાજ્યનો એક પારંપરિક તહેવાર છે.

(2) આ તહેવાર સ્થાનિક લોકો માટેનું નવું વર્ષ છે.

(3) શક્તિપંથ આ તહેવાર સાથે સંકડાયેલો છે.

(4) આ તહેવાર ચૈત્ર મહિનાના પ્રથમ દિવસે આવે છે.

(A) માત્ર (2) અને (3)

(B) માત્ર (1) અને (2)

(C) માત્ર (2) અને (4)

(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ઓડિશાના ગંજમ જિલ્લા દ્વારા 'મહા વિશુબા સંક્રાંતિ'ની જાહેર ઊજવણી પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

⇛ આ તહેવાર ઓડિશાનો તથા ખાસ કરીને ગંજમ જિલ્લાનો મુખ્ય તહેવાર છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ આ તહેવાર ઓડિયા લોકોનું નવું વર્ષ છે. આ તહેવાર ચૈત્ર મહિનાના 24માં દિવસે આવે છે અને અંગ્રેજી કેલેન્ડર મુજબ સામાન્ય રીતે 13 કે 14 એપ્રિલે હોય છે. (આથી, વિધાન (2) સાચું છે, જ્યારે વિધાન (4) ખોટું છે.)

⇛ આ તહેવાર હિંદુ તથા બૌદ્ધ લોકોનો છે પરંતુ શક્તિપંથ માટે તે વિશેષ મહત્ત્વ ધરાવે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ હજારો લોકો દેવી તારા–તરિનિના મંદિર/મઠ પાસે ભેગાં થઈ આ તહેવાર ઊજવે છે.

⇛ અન્ય નવા હિંદુ વર્ષો જેવાં કે વૈશાખી/બૈશાખી (ઉત્તર અને મધ્ય ભારત), બિહુ (આસામ) પોહેલા બોઈશાખ (બંગાળ) અને પુથાન્ડુ (તમિલનાડુ) સાથે જ આ તહેવાર હોય છે. આ દરેક તહેવારો સામાન્ય રીતે વૈશાખ મહિનાનાં પ્રથમ દિવસે હોય છે પરંતુ ભારતના રાષ્ટ્રીય કેલેન્ડર મુજબ આ દરમિયાન ચૈત્ર મહિનાનો 24મો દિવસ હોય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) યુક્તિ (YUKTI) પોર્ટલ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) તેનું પૂરું નામ Young India Combating Covid with Knowledge, Technology and Innovation છે.
(2) આ પોર્ટલ માનવ સંસાધન વિકાસ મંત્રાલયનું છે.
(3) મંત્રાલયના વિવિધ પ્રયાસો અને પહેલની દેખરેખ આ દ્વારા રાખી શકાય છે.
(4) આ પોર્ટલ દ્વારા વિદ્યાર્થીઓ અને મંત્રાલય વચ્ચે ટુ–વે કમ્યુનિકેશન સ્થાપવામાં આવશે.

(A) માત્ર (1)    (B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1), (2) અને (3)    (D) માત્ર (2)

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા યુક્તિ પોર્ટલ લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ અહીં YUKTIનું પૂરું નામ Young India Combating Covid with Knowledge, Technology and Innovation છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ આ એક વિશિષ્ટ પોર્ટલ તથા ડેશબોર્ડ છે જેના દ્વારા મંત્રાલયના પ્રયાસો અને પહેલની દેખરેખ રાખી શકાશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ COVID-19 સામે કેવી રીતે લડી રહ્યા છે, તે બાબતનો સમાવેશ પણ અહીં કરવામાં આવશે. વિવિધ સંસ્થાઓ પોતાની સ્ટ્રેટેજીને અહીં Share પણ કરી શકશે.

⇛ આ પોર્ટલ દ્વારા મંત્રાલય અને સંસ્થાઓ વચ્ચે ટુ–વે (Two-Way) કમ્યુનિકેશન સ્થાપવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(4) 'ડબલ લેયર ખાદી માસ્ક' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ પ્રકારના માસ્ક દ્વારા 90% ભેજ શોષાય જાય છે.
(2) આ માસ્ક હાથ વણાટ કાપડમાંથી બનાવવામાં આવે છે.
(3) આ માસ્ક ખાદીનું હોવાથી તેનો ધોઈને ફરી ઉપયોગ કરી શકાતો નથી.
(4) આ માસ્ક ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા વિકસાવવામાં આવ્યા છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (2) અને (4)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇛ ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ દ્વારા ડબલ લેયર ખાદી માસ્ક તૈયાર કરવામાં આવ્યા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

⇛ આ માસ્ક માટેની માંગ ઝડપથી વધી રહી છે. કેમ કે, આ માસ્ક દ્વારા 70% ભેજનું અંદર જ શોષણ થઈ જાય છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ ઉપરાંત આ માસ્કમાં હવાની અવરજવર પણ સારી રીતે થઈ શકે છે. આ માસ્ક બનાવવા માટે ઉપયોગમાં લેવાયેલું કાપડ હાથવણાટનું હોય છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ આ કારણે જ, આ માસ્કને ધોઈ શકાય છે ઉપરાંત તેનો પુનઃ ઉપયોગ પણ કરી શકાય છે. આ માસ્ક બાયોડિગ્રેડેબલ પણ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(5) 'જલીયાવાલા બાગ હત્યાકાંડ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.**

(1) આ બનાવ 13 એપ્રિલ, 1919ના રોજ થયો હતો. તે દિવસે બૈશાખીનો તહેવાર પણ હતો.
(2) આ હત્યાકાંડની તપાસ કરવા માટે હંટર કમિશનની રચના થઈ હતી.
(3) ગાંધીજીએ આ બનાવ બાદ નાઈટહૂડના ખિતાબનો ત્યાગ કર્યો હતો.
(4) રોલેટ એક્ટનો વિરોધ કરી રહેલા સત્યપાલ અને સૈફુદ્દીન કિચલૂની ધરપકડના પરિણામે દેખાવ કરી રહેલાં લોકો તથા બૈશાખી ઊજવવા આવેલાં લોકો આ બાગમાં જમા થયેલાં હતા.

(A) માત્ર (1), (2) અને (4)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (3)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ 13 એપ્રિલ 1919ના રોજ જનરલ ડાયર દ્વારા જલિયાવાલા બાગમાં ભેગાં થયેલાં લોકો પર કોઈપણ ચેતવણી વગર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પરિણામે કેટલાય લોકો મૃત્યુ પામ્યાં હતાં અને હજારો લોકો ઘાયલ થયાં હતા. આ બનાવને 'જલિયાવાલા બાગ હત્યાકાંડ' કહેવામાં આવે છે.

⇛ બ્રિટીશ સરકાર દ્વારા રોલેટ એક્ટ પસાર કરાતાં પંજાબમાં સત્યપાલ તથા સૈફુદ્દીન કિચલૂ તેનો વિરોધ કરી રહ્યાં હતાં. તેમની ધરપકડ થતાં 13 એપ્રિલના રોજ નિઃશસ્ત્ર તથા શાંતિપૂર્ણ દેખાવો જલિયાવાલા બાગમાં થઈ રહ્યા હતા. આ દિવસે બૈશાખીનો તહેવાર હોવાથી બૈશાખી ઊજવવા આવેલાં લોકો પણ અહીં હતાં. (આથી, વિધાન (1) તથા (4) સાચાં છે.)

⇛ આ બનાવ બાદ ગાંધીજીએ પોતાનો 'કૈસર–એ–હિન્દ' ખિતાબનો ત્યાગ કર્યો હતો તથા રવીન્દ્રનાથ ટાગોરે પોતાના નાઈટહૂડના ખિતાબનો ત્યાગ કર્યો હતો. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ હત્યાકાંડની તપાસ માટે એક કમિશન બેસાડવામાં આવ્યું જેનું નામ 'Disorders Inquiry Committee' હતું પરંતુ તેના ચેરમેન વિલિયમ હંટરના નામ પરથી તે 'હંટર કમિશન' તરીકે પ્રખ્યાત થયું હતું. (આથી, વિધાન (2) સાચું છે.)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT